# ભિલોડામાં તસ્કરોનો તરખાટ યથાવત

## સપ્તાહમાં બીજીવાર મુખ્ય બજારમાં ત્રાટકી ૫ દુકાનોમાં હજ્જારો રૂપિયાનો હાથફેરો

ભિલોડા, તા. ૧૬

અરવલ્લી જીલ્લામાં ઠંડી શરૂ થતાની સાથે ચોર, લૂંટારૂ ગેંગ સક્રિય થતા પ્રજાજનોની ઉંઘ માઝા મુકતા પોલીસે નાઈટ પેટ્રોલિંગના ધજાગરા ઉડી રહ્યા છે. જીલ્લા પોલીસતંત્ર બાઈક ચોરી, ચેઈનસ્નેચીંગ, પશુધન ચોરી આવેલી ૫ દુકાનોમાં તસ્કરો ત્રાટકી લાખ્ખો રૂપિયાની ધાડ પાડી આરામથી રફુચક્કર થતા ભારે ચકચાર મચી છે. ભિલોડાના શટરના તાળા તોડી અને એક દુકાનમાં વેન્ટિલેશનની જાળીમાં બાકોરૂ પાડી દુકાનોમાં પ્રવેશી દુકાનમાં રાખેલ રોકડ રકમ થઈ તેનો તાગ મેળવવા મથામણ કરી હતી. ભિલોડા બજારમાં સપ્તાહમાં બીજીવાર બજારમાં તસ્કરોએ દુકાનોમાં ધાડ પાડતા





હરામ કરી છે. પોલીસતંત્રના નાઈટ પેટ્રોલિંગ સામે પણ વારંવાર થતી ચોરી, લૂંટની ઘટનાથી સવાલો પેદા થયા છે. ભિલોડા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ચોરીના બનાવોએ તેમજ ઘરફોડ ચોરીના ગુન્હા ઉકેલવામાં સરેઆમ નિષ્ફળ રહ્યું હોવાનું જિલ્લાવાસીઓ અહેસાસ અનુભવી રહ્યા છે.

શનિવારે રાત્રીના સુમારે ભિલોડા શહેરના મેઈન બજારમાં કેશવ માર્કેટમાં કાવ્યા મોબાઈલ,અંબિકા મટેરીયલ, સીએનજી પંપ નજીક આવેલ બજાજ ઓટો શોરૂમ માં અને આકાર કોમ્પ્લેક્ષમાં આવેલી બે દુકાનોમાં ધાડપાડુઓ ત્રાટકી સહીત મુદ્દામાલની ચોરી કરી દુકાનોમાં રાખેલ માલસામાન નીચે નાખી દઈ તોડફોડ કરી ફરાર થઈ જતા દુકાન માલિકોને ખબર પડતા વહેલી સવારે દુકાને દોડી આવી કેટલા રૂપિયાની ચોરી વેપારીઓ અને નગરજનોમાં ફફડાટ ફેલાયો છે. નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવા અને છાસવારે ચોરી, લૂંટની ઘટનાઓને અંજામ આપતા આરોપીઓને દબોચી લેવામાં આવેની માંગ પ્રબળ બની છે.



**રમત ગમત સ્પર્ધાનો ઈનામ વિતરણ કાર્યક્રમ ભવાનપુર ગામ યોજાયો**

ભિલોડા તાલુકાના ભવાનપુર, શામળપુર અને વાંદીયોલ ગામના યુવાનો, વિદ્યાર્થીઓનો વોલીબોલ, સુર્યનમસ્કાર, લીબું ચમચી, સંગીત ખુરશી, ક્રિકેટ, કબડ્ડી જેવી રમતોના વિજેતા ૨૫૦ વિદ્યાર્થીઓ તેમજ યુવાઓને સિલ્ડ, પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સુર્યા એકલવ્ય સૈનિક સ્કૂલના મેનેજર, પ્રધાનાચાર્ય પિનાકીનભાઈ પંડ્યા, સી.આર.સી. ખોડંબા જયેશભાઈ મકવાણા, આદર્શ ગ્રામ યોજના સુર્યા ફોઉન્ડેશનના પ્રમુખ માહિપતભાઈ સુથાર સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસામાં પુણ્યતિથિએ ''સરદાર પટેલ'' ભુલાયા

**સ્થાનિક રાજકીય અગ્રણીઓ અને વહીવટીતંત્ર ફરક્યું પણ નહિ.!!**

મોડાસા, તા. ૧૬

કોઈ જશ લેવાનો હોય તો નેતાઓ અથવા તંત્રના અધિકારીઓ દોટ મુકી ફ્રીડમ ફાઈટરની જન્મજ્યંતિ અને પુણ્યતિથિના કાર્યક્રમોમાં પહોંચી જાય છે પણ રજાનો દિવસ હોય તો તમામ લોકો આપણા



આઝાદીના લડવૈયાઓને ભૂલી જાય છે. આજે સરદાર સાહેબની પુણ્યતિથી છે. દિલ્હીમાં સાહેબને યાદ તો કરવામાં આવે છે પણ સ્થાનિક નેતાઓ કદાચ સરદાર સાહેબની કેમ ભૂલી જાય છે તે એક સવાલ છે. લોખંડી પુરૂષ અને ભારતના વિવિધ રજવાડાઓને એક કરી અખંડ ભારતના પ્રણેતા એવા સરદાર પટેલની પુણ્યતિથી પર અરવલ્લી જિલ્લાના ગણ્યા ગાંઠ્યા લોકોએ યાદ કર્યા હતા. શહેરના સામાજિક આગેવાનોએ સરદાર સાહેબને યાદ કરી તેમને પુષ્પાંજલિ અર્પી હતી. મોડાસા નગરપાલિકાના કર્મચારીઓ તેમજ સામાજિક કાર્યકરો સહિત કોર્પોરેટરોએ સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી તેમને નમન કર્યા હતા સરદાર સાહેબના સિદ્ધાંતો તેમજ તેમના આદર્શો પર આજે દેશ આગળ વધતો હોવાની વાત આગેવાનોએ કરી તેઓને સાચી શ્રદ્ધાંજલિ અર્પી હતી.

# અડાલજ ત્રિ-મંદિર સંકુલમાં મેગા બ્રાહ્મણ સમિટ યોજાશે

અમદાવાદ, તા.૧૬

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ(રાજયકક્ષા) દ્વારા આગામી તા.૩,૪ અને ૫મી જાન્યુઆરી, ૨૦૨૦ દરમ્યાન ગુજરાતભરના બ્રાહ્મણોની મેગા બ્રાહ્મણ સમીટ -૨ અને બ્રહ્મ ગૌરવ એવોર્ડ-૨નું આયોજન કરવામાં આવ્યું છે, જેને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. તા.૩જી જાન્યુઆરીએ, મેગા બ્રાહ્મણ સમીટના પ્રથમ દિવસે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદી, ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા અને મંત્રી વિભાવરીબહેન દવે સહિતના મહાનુભાવો, સંતો-મહંતો, પૂજય શ્રી રમેશભાઈ ઓઝા સહિતના સુપ્રસિધ્ધ કથાકારો ખાસ ઉપસ્થિત રહેશે. અડાલજ ત્રિમંદિર પાસેના વિશાળ ગ્રાઉન્ડમાં આગામી તા.૩થી ૫ જાન્યુઆરી દરમ્યાન ત્રણ લાખ ૨૫ હજાર ચોરસમીટર જેટલી વિશાળ જગ્યામાં યોજાનારા આ મેગા બ્રાહ્મણ સમીટમાં ત્રણ લાખથી વધુ બ્રહ્મ પરિવાર અને અન્ય સમાજના લોકો-મુલાકાતીઓ મુલાકાત લે તેવી શકયતા છે, આ મેગા બ્રાહ્મણ સમીટ થકી દસ હજારથી વધુ યુવક-યુવતીઓને રોજગારી આપવાનો અનોખો પ્રયાસ થશે એમ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા)ના કન્વીનર અને મહામંત્રી ડો.યજ્ઞેશ દવે અને મુખ્ય સંગઠક કમલેશભાઈ વ્યાસે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ત્રિદિવસીય આ મેગા બ્રાહ્મણ સમીટ મારફતે એક રીતે ગુજરાત બ્રહ્મસમાજ અને સમસ્ત બ્રાહ્મણો શકિત પ્રદર્શનનો પરિચય પણ કરાવશે. સમીટમાં બી ટુ બી, બી ટુ સી મીટીંગ તથા રોજગાર મેળો ઉપરાંત ૨૦૦થી વધુ સ્ટોલ્સ ઉભા કરી ઉદ્યોગ સાહસિકો, વ્યાપારીઓ અને બિઝનેસમેનોને ઉમદા તક પૂરી પાડવામાં આવશે. તા.૩જી જાન્યુઆરીએ સમીટમાં બહુ મહત્વની ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વિવિધ સંતો-મહંતો, મહામંડલેશ્વરો, ૧૫૦ જેટલા સુપ્રસિધ્ધ કથાકારો ખાસ હાજર રહેશે. મેગા બ્રાહ્મણ સમીટના બીજા દિવસે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણી, પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના કોંગી નેતાઓ હાજરી આપશે.

## પરીક્ષા રદ... ● પહેલા પાનાનું ચાલુ

*યોજી હતી. સરકારને મોબાઈલ ફોન આપ્યા હતા. સીટ દ્વારા આ મામલામાં તમામ ફરિયાદો અંગે તપાસ કરવામાં આવી હતી. ત્યારબાદ સીટ તરફથી પરીક્ષાને રદ કરવાની ભલામણ કરાઈ હતી. એસઆઈટીના સુત્રોના કહેવા મુજબ તેઓએ ઉમેદવારો દ્વારા આપવામાં આવેલા સીસીટીવી ફુટેજ ક્લીકમાં ચકાસણી કરી હતી. આમા ખરાઈ કરવા માટે એફએસએલમાં ક્લીપ મોકલવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ સરકારને અનેક પરીક્ષા કેન્દ્રો ઉપરથી વોટ્સએપ મારફતે પ્રશ્નપત્રનો ફોટો પાડીને મોકલ્યો હતો. મિનિટોમાં જ આ પ્રશ્નપત્ર વાયરલ થઈ ગયા હતા. એસઆઈટીએ આ બાબતમાં પણ તપાસ કરી હતી જે યોગ્ય સાબિત થઈ હતી. આ અગાઉ આ પરીક્ષા માટે ઉમેદવારની લાયકાત ધોરણ ૧૨ના બદલે સ્નાતક કરવાની રજૂઆત કરી હતી પરંતુ ભરતી માટે ધોરણ ૧૨ પાસની લાયકાત યથાવત રાખવામાં આવી હતી. બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા સરકારે બીજી વખત રદ કરી છે.*

## આત્મનાદ ● ચોથા પાનાનું ચાલુ

શક્તિશાળી માને છે એ મોટા ભાગે અસંવેદનશીલ હોય છે. એવું પણ જોવા મળે છે કે, કેટલાક લોકો પોતાના માટે ખૂબ સંવેદનશીલ હોય છે. પરંતુ બીજા માટે એ એટલા સંવેદનશીલ નથી હોતા. એનાથી વિપરીત ઘણા લોકો બીજા માટે સંવેદનશીલ હોય છે પણ પોતાના માટે સંવેદનશીલ નથી હોતા. ખરેખર તો જે વ્યક્તિ સંવેદનશીલ નથી એ હૃદયની ઉષ્મા, મનનો આનંદ અને પ્રેમની પરિભાષાથી અજાણ છે. સાચી વાત તો એ છે કે, ભરપુર સંવેદનશીલ બનવું પડે. સંવેદનશીલતા કરૂણાનો પર્યાય છે. કરુણા બે રીતની હોય છે. એક સમજદાર વ્યક્તિની કરૂણા અને બીજી અણસમજુની કરૂણા. કરેલા કાર્યોના પરિણામમાં અણસમજુ કરૂણા ડોકાતી હોય છે. જ્યારે સમજદાર વ્યક્તિની કરૂણાના પાયામાં અજ્ઞાન સામેની કરૂણા હોય છે. સંવેદનામાં વિશ્વાસ હોવો જોઈએ. સંવેદના એ એક એવી શક્તિ છે કે, જે વિરાન થઈ ગયેલી દુનિયામાં પણ આનંદનો પ્રકાશ રેલાવી શકે છે. સંવેદના પથ્થરમાં પણ ભગવાન પેદા કરી શકે છે. સંવેદનહીનતા ભગવાનના બનાવેલા હાડમાસના આ શરીરને પણ પથ્થરદિલ બનાવી નાખે છે.

**ધબકાર :**

જે વ્યક્તિ પોતાની સમસ્યાઓનું ઠીકરું બીજાના માથા ઉપર ફોડવા તત્પર હોય છે એ અસંવેદનશીલ છે, એ પોતાની મુશ્કેલીઓ ક્યારેય દૂર કરી શકતો નથી.

## સર્વે હાથ ધર્યો...

● છેલ્લા પાનાનું ચાલુ

માટે પણ પુરતી તકેદારી રાખવામાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન વનતંત્રએ ગાંધીનગર શહેર તેમજ આસપાસના ૨૨ જેટલા ગામોમાં રોપાઓની વાવણી કરી તે મામલે તંત્ર દ્વારા સર્વે કરાયો છે. જેમાં હાલની સ્થિતિએ કેટલા રોપા જીવંત છે. તેનો તાગ મેળવવા માટે આ સર્વે હાથ ધરાયો છે. બીજીતરફ આગળના વાવેતર માટે પણ તંત્ર દ્વારા આયોજન કરવામાં આવી રહ્યુ છે.

## હડતાલ સમેટાઈ...

● છેલ્લા પાનાનું ચાલુ

ડિસેમ્બરના રોજ મહામંડળે ગાંધીનગરમાં મહારેલી પણ કરી હતી જે ઉલ્લેખનીય છે.

આજે બપોરે ૧ વાગે મહેસુલ વિભાગના અધિકારીઓ સાથે મંત્રણાઓ શરૂ થઈ હતી અને તેનો સુખદ અંત આવ્યો છે.

દેસાઈએ જણાવ્યુ હતુ કે બઢતીની પ્રક્રિયા માટે સમય આપવો જ પડે અને સરકારે સંપૂર્ણ સકારાત્મકતા સાથે આ કામગીરી ઝડપથી કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી.

હડતાલ દરમ્યાન પ્રજાને જો કોઈ મુશ્કેલી થઈ હોય તો અમે ક્ષમા માગીએ છીએ. લોકોએ અમને પ્રેમ અને હૂંફ આપ્યા છે. તેમણે જણાવ્યુ હતુ કે મહેસુલી કર્મચારીઓ કાલથી તેમની ફરજ પર હાજર થઈ જશે.

**બાયડના જૂની વાસણી ગામે એચ ટાટ ફાજલ પડેલ**

# આચાર્યની બદલી રોકવા પોસ્ટર્સ અને બેનર સાથે વિદ્યાર્થીઓએ રેલી યોજી

અરવલ્લી જિલ્લામાં બાયડ તાલુકામાં એચ ટાટ મુખ્ય શિક્ષકોને ફાજલ કરી બદલી કરવાની તજવીજનો ઠેર ઠેર વિરોધ શરૂ થઈ ગયો છે. આચાર્યની બદલી રોકવા બાયડના જૂની વાસણી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ અને એસએમસી કમિટીના સભ્યો અને ગ્રામજનોએ જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન જશુભાઈ પટેલને આવેદનપત્ર આપી પ્રાથમિક શાળાના બાળકોએ ગામમાં શનિવારે પોસ્ટરો સૂત્રોચ્ચારો સાથે




રેલી કાઢી બદલી ન કરવા માંગ કરી હતી અને માંગ નહીં સ્વીકારવામાં આવે તો શાળાને તાળાબંધી કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

સરકારી પ્રાથમિક શાળાઓમાં સંખ્યાની ઘટ પડતા એચ ટાટના મુખ્ય શિક્ષકોને ફાજલ કરી અન્ય શાળામાં મૂકવાની તજવીજ હાથ ધરાઈ છે. સોમવારે બાયડ તાલુકામાં આવેલ જૂની વાસણી પ્રાથમિક શાળાના બાળકો દ્વારા તેમના આચાર્યની બદલી રોકવા ગામમાં પોસ્ટરો સૂત્રોચ્ચારો સાથે રેલી યોજી હતી અને મુખ્ય શિક્ષક હાર્દિકભાઈ સુરેશભાઈ પટેલની બદલી રદ કરવા માંગ કરી હતી અને માંગ નહીં સ્વીકારવામા આવે તો શાળાને તાળાબંધી કરવાની અને શિક્ષણનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી. શાળાના બાળકોએ બેનરો પ્રદર્શિત કરી ''અમે સૌ પ્રાઈવેટ શાળા છોડી સરકારી શાળામાં આવ્યા'' બેનર પ્રદર્શિત કરી વિરોધ નોંધાવ્યો હતો.

# મોડાસામાં અરજી આપવાની અદાવતમાં હુમલો કરાયો

મોડાસામાં ગત ૯ ડિસેમ્બરના રોજ ડુગરવાડા ગામના અને મોડાસા ખાતે કોન્ટ્રાક્ટરનો ધંધો કરતા ઈસમ ઉપર સાંજના સમયે બુલેટ લઈને આવેલા બે શખ્સો દ્વારા તેમજ પાછળથી ગાડી લઈને આવેલા ત્રણ શખ્સો દ્વારા લાકડીઓ વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી હતી. જેના પગલે ફરિયાદીએ મોડાસા ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. મોડાસા તાલુકાના ડુગરવાડા ગામના ૫૬ વર્ષિય અરવિંદભાઈ ભીખાભાઈ જયસ્વાલ જેઓ ખેડૂત છે અને કોન્ટ્રાક્ટરનો પણ ધંધો કરે છે. તેઓ મોડાસામાં પોતાના મામા નવનીતભાઈ જયસ્વાલના ઘરેથી નિકળી પોતાની ગાડીમાં માલપુર રોડ ઉપર આવેલ અમુલ કોમ્પેલેક્સમાં પોતાની ઓફિસે જઈ રહ્યા હતા. દરમિયાન પાછળથી બુલેટ નં.જી.જે.૩૧.કે.૮૮૧૮ ઉપર બેસીને બે શખ્સો આવ્યા હતા. જેઓએ અરવિંદભાઈને ગાડીમાંથી ઉતારીને લાકડીઓ વડે પગે તથા બરડાના ભાગે હુમલો કરી દીધો હતો.

# વિદેશ મોકલવાની લાલચ આપી રૂપિયા પડાવતી ટોળકીનો એક સભ્ય પોલીસના સકંજામાં

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત સહિત રાજસ્થાનના વિવિધ જિલ્લાના નાગરીકોને ઓછા રૂપીયામાં વિદેશ મોકલવાની લોભામણી લાલચ આપી રૂપીયા પડાવતી ટોળકીનો પર્દાફાશ થયો છે. જેમાં ટોળકી રૂપીયા અને પાસપાર્ટ લઈને પણ નાગરીકોને વિદેશ મોકલતા ન હતા. છેતરાયેલા નાગરીકો ફરીયાદ કરવાની ધમકી આપે તો ક્રાઈમ, પ્રેસ વકીલના નામે ધમકી પણ આપતા હતા અને નાગરીકોને ડરાવતા હતા. પાંચ સભ્યોની ટોળકીનો એક સભ્ય પોલીસના સંકજામાં આવી ગયો છે. જયારે આ ટોળકીમાં મહિલાનો પણ સમાવેશ થાય છે. જયારે પકડાયેલ આરોપી માત્ર સાત ધોરણ ભણેલો છે અને પોતે પત્રકાર હોવાનું કાર્ડ લઈને ફરતો હતો. આ ટોળકીએ આજદિન સુધી અનેક વિદેશ જવા ઈચ્છુક નાગરીકોને છેંતરીને કરોડો રૂપીયાનું ફુલેકુ ફેરવ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શનમાં સક્રિય ગાંધીનગર એલસીબી-૨ ટીમના પીએસઆઈ પી.એન.પઢીયારને આરોપીને અંગે બાતમી મળી હતી. જેને પગલે સેકટર-૩ ખાતેથી આરોપી આસીફખાન ઉર્ફે રાણા મહેબુબખાન પઠાણને દબોચી લીધો હતો. આરોપી પાસેથી પોલીસે ૭ નાગરીકોના ઓરીજીનલ પાસપોર્ટ, ૨ લેપટોપ, ૧ કોમ્પ્યુટર, બેનર, સિક્કા, ૭ મોબાઈલ ચાર ડેબીટકાર્ડ અને બાઈક કબ્જે કર્યુ છે. આજદિન સુધીમાં આ ટોળકીએ કરોડો રૂપીયાનું ફુલેકુ ફેરવ્યું હોવાનુ મનાઈ રહ્યું છે. આસીફખાન પઠાણ, ઈમરાનખાન બલોચ, સાહીના પઠાણ (વકીલ) આમીરખાન પઠાણ, અને અલીભાઈ મળીને પાંચ વ્યકિતના નામ હાલના સમયે બહાર આવ્યા છે. તેમની સામે સેકટર-૭ પોલીસ મથકમાં રૂ.૩.૮૯ લાખ, સે-૨૧ પોલીસ મથકમાં રૂ.૨.૮૦ લાખની છેંતરપિંડીની ફરીયાદ નોંધાઈ છે. આરોપીઓ સામે છેંતરપિંડીની ફરીયાદના સમાચાર ન્યુઝ પેપરમાં આવતા ગાંધીનગર પોલીસને ૧૦ નાગરીકો મળી ગયા છે, જેમની સાથે આ ટોળકીએ છેંતરપિંડી કરી છે જયારે આરોપીઓ વિદેશ જવા માટે ઈચ્છુક વ્યકિત પાસેથી પૈસા લીધા બાદ તેઓને ખોટા વિઝા અને ટીકીટો મોકલી આપતા હતા. જેઓ જુદજુદી ફી ના નામે રૂપીયા પડાવતા હતા અને પછી ઓફિસ



બદલી કાઢતા હતા. તેઓએ સેકટર-૧૧ અને સેકટર-૨૧ સહિત ઈન્ફોસીટી વિસ્તારમાં પણ ઓફિસ કરી હતી. આરોપીઓએ છેલ્લા ત્રણ વર્ષમાં ચાર ઓફિસ બદલી છે. તો આરોપી આસિફે ત્રણ વર્ષમાં ૭ જેટલા ઘર બદલ્યા છે. જયારે ટોળકીમાં સામેલ સાહીના પઠાણ પોતે વકીલ છે અને પ્રેસનું કાર્ડ પણ ધરાવે છે. જયારે આરોપી આસિફ પાસેથી ક્રાઈમ એન્ડ કરપ્શન કંટ્રોલ એસોસિએશન, એક ન્યુઝ ચેનલનું આઈ કાર્ડ મળી આવ્યું છે. આરોપીએ દરેક વ્યકિતને પોતે ક્રાઈમમાં હોવાની ઓળખ આપી દમ મારતો હતો. ત્યારે બનાવ અંગે હવે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ડૉ.સૈયદના આલીકદર મુફદલ સૈફફુદીન સાહેબને જન્મદિને શુભેચ્છા પાઠવતા મુખ્યમંત્રી રૂપાણી

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સુરત શહેરના દેવડી ખાતે દાઉદી વ્હોરા સમાજના સર્વોચ્ચ ધર્મગુરૂ ડૉ. સૈયદના આલીકદર મુફદલ સેફુદીન સાહેબના ૭૬માં જન્મદિનની શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે તેમના આર્શીવાદ પણ મેળવ્યા હતા. સમાજના બાવનમાં ધર્મગુરૂ ડૉ.સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન સાહેબના ૧૦૯માં જન્મદિનની ઉજવણી પણ કરવામાં આવી હતી.

આ વેળાએ મુખ્યંત્રીએ દાઉદી વ્હોરા સમાજના ૧૯૨ યુગલોના સમૂહ લગ્નોત્સવમાં નવદંપતિઓને આર્શિવાદ પાઠવી પ્રભુતામાં પગલા પાડતા નવદંપતિઓનું લગ્ન જીવન સુખ, શાંતિ અને સમૃદ્ધિમય બને તેવી શુભકામનાઓ પાઠવી હતી.



સૈયદના સાહેબના શિક્ષણ, પર્યાવરણની ચિંતા કરી સમાજને શિક્ષિત, પ્રગતિશીલ બનાવવાના પ્રયાસોને મુખ્યમંત્રીએ બિરદાવ્યા હતા. સૈયદના સાહેબ તેમના જ્ઞાન થકી સમાજ, રાજય અને રાષ્ટ્રને માર્ગદર્શન આપતા રહે એવી અભ્યર્થના તેમણે વ્યક્ત કરી હતી. મેયર જગદીશભાઈ પટેલ, સાંસદ દર્શનાબેન જરદોશ, સાંસદ સી.આર. પાટીલ, ધારાસભ્ય સર્વ હર્ષ સંઘવી, અરવિંદ રાણા, ઝંખનાબેન પટેલ આ અવસરે મુખ્યમંત્રી સાથે જોડાયા હતા.

# સાયન્સ સીટી ખાતે ગુજકોસ્ટ દ્વારા ''રીંગ ઓફ ફાયર'' સૂર્યગ્રહણ માટે માર્ગદર્શન અપાયુ

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા સાયન્સ સીટી ખાતે આવનાર ચક્રિય સૂર્યગ્રહણ પર ઓરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

સૂર્યગ્રહણ ત્યારે થાય જે જયારે ચંદ્રની સપાટી સૂર્યની સપાટીની સામે આવે છે. જો ચંદ્ર સીધો જ સૂર્યની સામેથી પસાર થઈ જાય જયારે તે સપાટીની નજીક હોય ત્યારે લંબગોળ ભ્રમણકક્ષાનુ બિંદુ પૃથ્વીથી સૌથી દુર હોય છે. આકાશદર્શન કરનારાઓ વલયઆકાર ગ્રહણ જોઈ શકે છે. જેને આગની રીંગ પણ કહે છે. ગાંધીનગર અને અમદાવાદમાં આ સૂર્યગ્રહણ ૨૬ ડીસેમ્બર ૨૦૧૯ એ અઢી કલાક સુધી જોઈ શકાશે જે સવારે ૮.૦૬થી શરૂ થશે.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ અને નાગરીકોને બ્રહ્માંડથી માહીતગાર કરવા, જોડવા અને ઉત્સાહિત કરવાનો છે. આ અવકાશી ઘટના નિહાળવાના સાક્ષી બનવાની અમુલ્ય તક વિશે જણાવતા વિજ્ઞાન પ્રસારના પુર્વ ડીરેકટર ડો. વિનય કામ્બલેએ જણાવ્યુ કે ધ રીંગ ઓફ ફાયર, ગ્રહણ ૨૬મી ડીસેમ્બરે સાઉદી અરેબીયિા, કતાર, ફિલીપાઈન્સ સહીત ભારતના કેટલાક ભાગોમાં




દેખાશે.

ડો. કાંબલેએ લોકોને વિવિધ અંધશ્રદ્ધાઓથી દુર રહેવા



જણાવ્યુ. ખોરાક અને પાણી ગ્રહણને લીધે ખરાબ થઈ જતા નથી અને ગ્રહણ દરમીયાન કોઈ નુકશાનકારક કિરણો સૂર્યમાંથી નીકળતા નથી. કોઈ પણ વ્યકતિ સુરક્ષિત સોલર ફિલ્ટરથી કોઈ પણ જાતના નુકશાન વગર સૂયગ્રહણની ઘટના નિહાળી શકે છે.

સૂર્યગ્રહણ વિશે વિસ્તારમાં જણાવતા વિષય નિષ્ણાત ડો. જે.એન. દેસાઈએ જણાવ્યુ કે ''ધરીના સમીકરણની ફોર્મ્યુલા દ્વારા સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણની ગણતરી કરવામા આવે છે.'' શુ કરવુ અને શુ ના કરવુ તેના પર ભાર મુકતા ડો.દેસાઈએ ગ્રહણ દરમીયાન સૂર્યનો પ્રત્યક્ષ સંપર્ક ટાળવા જણાવ્યુ. ''નરી આંખે સૂર્યની સામે સીધા જોવુ તે અંધાપો લાવી શકે છે અને જો તમે આખોને રક્ષણ આપતુ યોગ્ય કવચ ન પહેર્યુ હોય તો આખોને કાયમી નુકશાન પણ થઈ શકે છે.''

તેમણે ભાગ લેનારાઓને ખગ્રાસ અને વલયાકાર ગ્રહણ વિશે સમજાવતા પહેલા સૂયગ્રહણ અને ચંદ્રગ્રહણ વિશેનો ભેદ પણ વિસ્તારથી સમજાવ્યો.

વિજ્ઞાનમાં લોકોને સાંકળવા અંતર્ગત ગુજકોસ્ટ દ્વારા સૂર્યગ્રહણના સમયે વિદ્યાર્થીઓ અને નાગરીકો માટે સુરક્ષિત રીતે સૂર્યગ્રહણ નિહાળવાની સાથે સાથે વિવિધ હેન્ડસ ઓન એકટીવીટીનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમમાં સોલર ફીલ્ટર દ્વારા સુરક્ષીત ગ્રહણ નીહાળવુ, પીન હોલ કેમેરા, પૃથ્વી-ચંદ્ર-સૂર્યનુ અંતર માપવુ, રીંગ ઓફ ફાયર પર નાશાનું લાઈવ સ્ટ્રીમીંગ, વિષય નિષ્ણાતો સાથે લાઈવ ચર્ચા, સૂર્યગ્રહણ વિશેની ગેમ્સ અને ઘણુ બધુ છે.

ગુજકોસ્ટ દ્વારા આ કાર્યક્રમ માટે એકટીવીટી કીટ અને સોલર ફીલટર્સ તૈયાર કરાયા છે જેનુ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર્સ દ્વારા વિતરણ કરવામાં આવશે.